# બનાસકાંઠા-પાટણ જિલ્લા માટે ૧૫૦૦ કરોડનું રાહત સહાય પેકેજ

ઉતર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ પર અતિવૃષ્ટિ સ્વરૂપે કુદરતી આફત વરસી પડી. તા. ૨૪-૨૫ જુલાઈ દરમિયાન ખૂબ જ ઓછા સમયગાળામાં ભારે વરસાદ વરસ્યો, જિલ્લાની નદીઓમાં ભારે પૂર આવતાં જળાશયો છલકાઈ ગયાં અને એ જ દિવસોમાં માઉન્ટ આબુ અને રાજસ્થાનમાં ચોવીસ કલાકમાં અગાઉ કયારેય ન પડયો હોય એટલો વરસાદ પડયો. આ પાણી પણ બનાસકાંઠા-પાટણ પહોંચ્યું. પરિણામે બનાસકાંઠા-પાટણમાં પરિસ્થિતિ અતિ વિકટ બની ગઈ અને ઈતિહાસમાં ન અનુભવાઈ હોય એવી આફત આવી પડી. આમ છતાં પણ રાજ્ય સરકારની સતર્કતા, આગોતરાં પગલાં અને ત્વરિત નિર્ણયોને કારણે જાન-માલને મોટું નુકશાન થતું અટકાવી શકાયું છે.

ગાંધીનગરમાં મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોતાના નિવાસસ્થાને જ તાકીદે રાજ્યના ઉચ્ચ અધિકારીઓની બેઠક બોલાવી અને આગોતાં પગલાં લેવાની સૂચનાઓ આપી. ગાંધીનગરમાં ત્વરાએ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરને ધમધમતું કરાયું. જિલ્લા વહીવટીતંત્રોને યોગ્ય સૂચનાઓ આપી દેવામાં આવી અને બનાસકાંઠા જિલ્લામાં ૨૯,૭૩૯ લોકોનું સલામતીના પગલાં તરીકે આગોતરૂં સ્થળાંતરણ કરાવાયું અને પાટણ જિલ્લામાં ૩૮,૮૬૩ લોકોને આગોતરાં પગલાં લઈને સલામત સ્થળે ખસેડાયા. પરિણામે મોટી જાનહાની થતી અટકી.

એકાએક આવેલા અતિભારે વરસાદને કારણે લોકો પૂરના પાણીમાં ફસાયા. રાજ્ય સરકારે પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં તાકીદે આર્મી, એરફોર્સ, એન.ડી.આર.એફ., એસ.ડી.આર.એફ., બી.એસ.એફ., ફાયરબ્રિગેડ અને સ્થાનિક તંત્રની મદદથી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી ૨૦,૮૯૩ લોકોને સલામત રીતે ઉગારી લીધા. આમ જો સમયસર આગોતરૂં સ્થળાંતરણ ન થયું હોત અને પૂરમાં ફસાયેલા લોકોને સમયસર ઉગારી ન શકાયા હોત તો બનાસકાંઠા-પાટણમાં જાન-માલને મોટું નુકશાન થયું હોત.



ઈમરજન્સીમાં લેવાનારા પગલાં અને કામગીરી પછી રાજ્ય સરકારે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જનજીવન ઝડપથી સામાન્ય થાય એ માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દીધી. અતિવૃષ્ટિને કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ૫૬૯ ગામોમાં વીજપૂરવઠો બંધ થઈ ગયો હતો. તંત્રએ રાત-દિવસ જાગીને કામ કરતાં આજે હવે ૫૬૨ ગામોમાં વીજળી પુનઃસ્થાપિત થઈ ગઈ છે. આજે હવે માત્ર ૭ ગામોમાં વીજળી નથી, જેનું સમારકામ ચાલી રહ્યું છે.

અતિભારે વરસાદથી બનાસકાંઠા-પાટણના ૬૫૧ માર્ગોને ભારે નુકશાન થયું હતું. માર્ગ-મકાન વિભાગે અભૂતપૂર્વ મેનપાવર અને સાધનો કામે લગાડીને આજે ૬૦૧ માર્ગો પૂર્વવત કરી નાખ્યા છે. જયાં વાહનવ્યવહાર સામાન્ય થઈ ગયો છે. હવે માત્ર ૫૦ માર્ગોની દુરસ્તીનું કામ હાથ પર છે.

અતિવૃષ્ટિથી ૭૪૫ ગામોમાં પીવાના પાણી પુરવઠાને ગંભીર અસર પહોંચી હતી. વહીવટી તંત્રની ભારે જહેમત પછી આજે ૬૯૪ ગામોમાં પાણી પુરવઠો નિયમીત થઈ ગયો છે. માર્ગો પર પાણી ફરી વળતાં અને માર્ગોને નુકશાન થતાં એસ.ટી. પરિવહનના ૧૦૫૩ રૂટને અસર થઈ હતી. આજે હવે આ બંને જિલ્લાઓમાં તમામ રૂટ પર બસ વ્યવહાર પૂર્વવત્ થઈ ગયો છે.

બનાસકાંઠા અને પાટણમાં અગાઉ કયારેય ન અનુભવાયું હોય એવું પૂર આવ્યું. કુદરતનો કહેર વરસ્યો તો સામે ગુજરાતના સંવેદનશીલ મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાત્કાલિક રાહત અને હવે સહાયની મહેર વરસાવી છે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બનાસકાંઠા અને પાટણ જિલ્લાની મુલાકાત લીધી. પરિસ્થિતિનો તાગ મેળવીને તેમણે રાહત કામગીરીને વધુ પ્રભાવક અને વેગવાન બનાવવા પાંચ દિવસ માટે પૂરગ્રસ્ત વિસ્તારોમાં જ રોકાઈ જવાનો નિર્ણય લીધો. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે ૧૦ મંત્રીશ્રીઓ અને રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીઓ પણ પૂરગ્રસ્ત વિસ્તારમાં રાહતકાર્યોમાં જોડાઈ ગયા.

પાંચ દિવસો દરમિયાન મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠા-પાટણના અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં હજજારો લોકોને મળ્યા. ગામેગામ જઈને લોકોની વ્યથા-વિતક સાંભળી, ખેતી, જમીન, વેપાર-ધંધા વગેરેને થયેલા નુકશાનની જાણકારી મેળવી, લોકોની પીડાની સંવેદના અનુભવી અને વહીવટીતંત્રને પરિસ્થિતિને પૂરઝડપે થાળે પાડવા સૂચનાઓ આપી. પરિણામે બનાસકાંઠા અને પાટણમાં ખૂબ ઝડપથી સ્થિતિ સામાન્ય થવા જઈ રહી છે.

## મોડાસા-ગોધરા એસ.ટી.બસમાં આગ લાગતાં મુસાફરોમાં ભય

મોડાસા, તા. ૩

ગુજરાત રાજ્ય પરિવહન નિગમની અડધો-અડધ બસો યોગ્ય સમારકામના અભાવે ખખડધજ



હાલતમાં ઉપયોગમાં લેવાતી હોવાનું મુસાફરો અનેકવાર ફરિયાદ કરી ચુક્યા છે અને અનેકવાર રસ્તામાં ખોટકાયી પડવાની અને અકસ્માતની ઘટનાઓ છાસવારે બનતી હોય છે.'બસની મુસાફરી સલામતીની સવારી'ના બદલે લોકો જીવના જોખમે પ્રવાસ ખેડતા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે.

ગુરૂવારે ધનસુરાના રહિયોલ પાટિયા નજીક બસમાં અચાનક આગ ફાટી નીકળતા મુસાફરોના જીવ તળિયે ચોંટ્યા હતા અને બસમાંથી ઝડપથી ઉતરી જતા સદ્નસીબે જાનહાની ટળી હતી. ફાયરબ્રિગેડની ટીમે બસમાં લાગેલી આગને કાબુમાં લીધી હતી. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર મોડાસા એસ.ટી બસ ડેપો સંચાલિત મોડાસાથી ગોધરા બસ(ગાડી.નં-જી.જે.૧૮.વાય-૭૧૨૨)ગુરુવારે ૧૧:૩૦ કલાકે મોડાસાથી ગોધરા જવા બસ રવાના થયી હતી. માંડ ૭ કિલોમીટર ધનસુરા રોડ પર રહિયોલ પાટિયા નજીક પહોંચી ત્યારે અચાનક ચાલુ બસે ડ્રાઈવર કેબીનમાં રહેલા વાયરિંગમાં શોર્ટ-શર્કીટ થતા આગ ભભૂકી ઉઠી હતી અને જોતજોતામાં આગે ભીષણ સ્વરૂપ ધારણ કરતા બસમાં મુસાફરી કરતા ૩૫ જેટલા મુસાફરોમાં ભયનો માહોલ પેદા થતા ભારે અફડાતફડી મચી હતી અને બસમાંથી જીવ બચાવી બસમાંથી સલામત રીતે ઉતરી ગયા હતા. બસમાં લાગેલી આગના પગલે ડ્રાઈવરે ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડની ટીમ ફાયર ફાયટર સાથે તાબડતોડ ઘટનાસ્થળે ધસી જઈ બસમાં લાગેલી આગ પર કાબુ મેળવ્યો હતો. બસમાં આગથી આગળનો ભાગ બળીને સ્વાહા થયી ગયો હતો. બસમાં આગ લાગતા વાહનવ્યવહાર થંભી ગયો હતો.

## મોડાસામાં પોલીસનું દરોડારૂપી નાટક, શહેરમાં ખુલ્લેઆમ દારૂનુ વેચાણ

### હોમ ડિલેવરી કરતા બુટલેગરો પોલીસની નજર બહાર ? : દેશી દારૂનો કેસ બનાવી ભજવાયું નાટક

મોડાસા, તા. ૩

મોડાસા ટાઉનમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ વચ્ચે ટાઉન પોલીસને મહિનાની આખર તારીખે દારૂબંધીના કાયદાનો અમલ કરાવવાનું સુજ્યું હોય તેમ મહિનાના આરંભે પ્રોહીબીશનના કેસ બતાવા માટે સર્વોદયનગરમાંથી માત્ર ૭ લીટર દેશી દારૂ ઝડપી દરોડા રૂપી નાટક ભજવી સંતોષ માન્યો છે.

મોડાસા પોલીસે સર્વોદય નગરમાં પાડેલી રેડ દરમ્યાન આશાબેન મગનભાઈ છારા અને સોનલબેન પુનમભાઈ છારાના ઘરેથી રૂ.૧૪૦ની કિંમતના દેશી દારૂ જપ્ત લેવાની સાથે ૩ દારૂડિયાઓ સામે કેસ દાખલ કરતાં પોલીસની રેડ ચર્ચાનો વિષય બની છે.

જલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ થઈ રહી છે તેમાંય દેશી દારૂ બનાવાનો ધંધો ગૃહ ઉદ્યોગની જેમ ફૂલ્યો ફાલ્યો છે. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં દારૂના વેચાણ અંગે પોલીસને ખબર જ છે કે ક્યાં અને કોણ દારૂનું વેચાણ કરે છે પરંતુ દર મહિને નક્કી કરેલા રકમનો હપતો પહોંચી જતો હોય છે જેથી ભાગ્યે જ દેશી દારૂના અડ્ડાઓ ઉપર પોલીસ ત્રાટકતી હોય છે. પોલીસ દેખાડા ખાતર રેડનાં નાટક કરતી હોય છે. ગત તા. ૩૧ના રોજ મોડાસા ટાઉન પોલીસે વાહન લઈ પોલીસ મથકની હદનાં ગામડાં ફંફોસ્યા હતાં પરંતુ સર્વોદયનગરમાંથી જ રૂ. ૧૪૦ની કિંમતનો ૭ લીટર દેશી દારૂ હાથ લાગતાં પોલીસની કામગીરી અંગે આશ્ચર્ય ઉભું થયું છે.

સર્વોદયનગરના કેટલાક ઈસમો ખુલ્લેઆમ દેશી દારૂનો વેપલો કરી રહ્યા છે તે પોલીસ જાણતી હોવા છતાં માત્ર પ્રોહીબીશનના કેસ બતાવા ખાતર જ રેડનાં નાટક કર્યા હોવાના આક્ષેપ થઈ થઈ રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી સર્વોદયનગરમાં દેશી દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું છે તેમ છતાં સામાન્ય દિવસોમાં પોલીસ આ બધું મુક પ્રેક્ષક બનીને જોતી હોય છે. જ્યારે નગરના અનેક વિસ્તારોમાં વિદેશી દારૂની રેલમછેલ થતી હોવા છતાં બુટલેગરો સામે કોઈ જ પગલાં આજદિન સુધી ટાઉન પોલીસે લીધા નથી તે પણ એક સવાલ બની રહ્યો છે.

## પ્રાંતિજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસ સહિતના વિસ્તારોમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ.

પ્રાંતિજ કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના એનએસએસ અંતગર્ત સ્વયંમસેવકો દ્વારા ફુલછોડ સહિત આયોર્વેદિક વુક્ષો સહિતના વૃક્ષોનુ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. લીમડો, વડ, સરગવો, બારમાસી, નીલગીરી સહિતના છોડોનું કોલેજ કેમ્પસ સહિતના આજુબાજુના વિસ્તારોમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ. કોલેજના પ્રિન્સીપાલ ડાૅ. કામેશ્વર પ્રસાદ, એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડાૅ. સતીષભાઈ પટેલ, પ્રો. ડાૅ. કાન્તિભાઈ પ્રજાપતિ, પ્રો. રાજુભાઈ પંચાલ સહિત કોલેજ સ્ટાફ સહિત એનએસએસના વિદ્યાર્થીઓ સહિત કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## બનાસકાંઠા-પાટણ જિલ્લામાં ૨૫૨ ગામોમાં ટેન્કર મારફતે તથા ૮૦૫ ગામોમાં વ્યક્તિગત યોજનાઓ દ્વારા પાણી પુરવઠો પુનઃ કાર્યરત

### બંને જિલ્લાના ૬૮૦ ગામોમાં જુથ પાણી પુરવઠા યોજનાઓ પુનઃ કાર્યરત

ગાંધીનગર, તા.૩

બનાસકાંઠા અને પાટણ જિલ્લારના પૂર



પ્રભાવિત ૧૦૪૦ ગામોમાં પીવાનાં પાણીની કામગીરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યઠવસ્થા્ બોર્ડ ધ્વારા યુધ્ધ૪ના ધોરણે હાથ ધરી છે.બનાસકાંઠા જિલ્લુામાં કુલ ૧૨૩૪ ગામો પૈકી ૩૯૪ ગામો જુથ યોજના ધ્વારા, ૬૯૬ ગામો સ્વવતંત્ર સોર્સ ધ્વા રા તથા ૧૪૪ ગામોને ટેન્કંર ધ્વા રા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે.



પાટણ જિલ્લામાં કુલ ૫૧૬ ગામો પૈકી ૨૮૬ ગામો જુથ યોજના ધ્વાકરા, ૧૦૭ ગામો સ્વતંત્ર સોર્સ ધ્વા રા તેમજ ૧૦૮ ગામોએ ટેન્કલર ધ્વાુરા પાણી પહોંચાડવામાં આવે છે એમ શ્રી જે. પી. ગુપ્તાલ, અગ્ર સચિવશ્રી (પાણી પુરવઠા)એ જણાવ્યુંમ.

તાકિદની વ્યલવસ્થા્ તરીકે પાણી પુરવઠા બોર્ડ ધ્વામરા પાટણ અને બનાસકાંઠા જિલ્લાંઓમાં પૂર પ્રભાવિત ગામના લોકોને પીવાનાં પાણીનાં પાઉચનું પણ વિતરણ કરવામાં આવ્યું છે.

નર્મદા મુખ્યન કેનાલમાંથી પાણીનું લેવલ ઘટતાં રાણકપુર ઓફટેક પર વધારાના બે પંપો બેસાડેલ છે. દાંતીવાડા ડેમના નીચવાસમાં બનાસ નદીમાંથી પસાર થતી જુદી જુદી સાઈઝની ૪ એમ.એસ. પાઈપલાઈનોમાં પૂરથી ધોવાણ થયેલ છે. જેની મરામત માટે રાજયના અન્ય જિલ્લા૪ઓમાંથી પાઈપો દાંતીવાડા પહોંચાડવામાં આવી રહી છે. દાંતીવાડા ડેમમાંથી છોડવામાં આવતા પાણીનો જથ્થોા બંધ થયા પછી નદી વિસ્તા રમાં મરામતની કામગીરી હાથ ધરી પરિસ્થિહતિ પૂર્વવત કરવામાં આવશે.

પાણી પુરવઠા બોર્ડ ધ્વાથરા દરેક ટેન્કપર ફીલીંગ પોઈન્ટા પર કલોરીનેશન તથા ગામોનાં કુવાઓમાં ''પોટ કલોરીનેશન''ની ખાસ કામગીરી હાથ ધરવામાં આવી છે. ધાનેરા શહેરમાં ડ્રેનેજની ગંભીર પરિસ્થિકતિ સર્જાતા પમ્પીંરગ સ્ટેૈશનથી નદી સુધી ૩૫૫ એમ.એમ. વ્યાધસની ત્રણ કી.મી. પાઈપ લાઈન નાંખવાનું કામ યુધ્ધીના ધોરણે હાથ ધરવામાં આવ્યેું છે.

## તલોદ કોલેજમાં મતદાન સુધારણા કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૩

શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજમાં ચૂંટણીપંચ દ્વારા મતદાન સુધારણા કાર્યક્રમ જાગૃતિ અભિયાન કોલેજ આચાર્ય ડૉ. જે.સી. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

જેમાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. બાઈકરેલી મુખ્ય માર્ગો પર કાઢી જાગૃતિ લાવવા પ્રયાસ કરાયો હતો. નિબંધસ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધાઓ યોજવામાં આવેલ હતી. કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે મામલતદાર, તાલુકા પંચાયત કચેરી તલોદ સહયોગ આપેલ હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રાં. દિલીપકુમાર ચાવડાએ કર્યું હતું.

## ધનસુરા વિ.ખ. મિત્રમંડળની સ્થાપના, પ્રમુખ તરીકે રાકેશ મહેતાની વરણી

ધનસુરા, તા. ૩

ધનસુરા ખાતે અમદાવાદ રહેતા વિ.ખ. મિત્રમંડળ દ્વારા રવિવારે રાત્રે ગોકુલનાથજી મંદિરમાં કલાત્મક ગુલાબના હિંડોળાના પ્રસંગે ૧૦૦થી વધુ વિ.ખ. મિત્રમંડળના પ્રમુખ સહીત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ધનસુરા મંદિરના પ્રમુખ હોદ્દેદારો દ્વારા તેમનો વતનપ્રેમ બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ મિત્રમંડળ ધનસુરા ખાતે યુવા વિ.ખ. મિત્રમંડળની સ્થાપના માટે આગ્રહ કરતા તમામ યુવાનોએ સંમતિ આપી સ્થાપના કરતાં પ્રમુખ તરીકે રાકેશ વસંતલાલ મહેતાની સર્વાનુમતે વરણી કરતા ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોએ આવકાર સાથે અભિનંદન પાઠવ્યા હતા.

## દુઃખદ અવસાન

ધનસુરા, તા. ૩

મોડાસા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય સ્વ. હરિભાઈ પટેલના પુત્ર હિતેશભાઈનું ધનસુરા ખાતે દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં વિશાળ સમૂદાયમાં જ્ઞાતિજનો અને આગેવાનો જોડાયા હતા.

## પ્રાંતિજના પોગલુ પાટીયા પાસે દારૂ ભરેલ કારે પલ્ટી ખાધી

### દારૂરસિકો બોટલો લઈને ભાગતાં નજરે પડ્યા : પોલીસ આવતાં અડધી ગાડી દારૂ બચી ગયો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના પોગલુ પાટીયા પાસે હિંમતનગર તરફથી ફુલફાસ્ટ આવતી વિદેશી દારૂ ભરેલ હોન્ડા સીટી કાર પલ્ટી



ખાતાં દારૂ રસીકોનો દિવસ સુધર્યો હતો અને લોકો ઠંડાપીણાની બોટલની જેમ દારૂ બોટલ તથા ટીન લઈને ભાગતાં થયાં હતાં જયારે પોલીસ આવતાં નાશી ગયાં હતાં.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પોંગલુ પાસે હિંમતનગરથી વિદેશી કંપનીનો દારૂ ભરેલ આવતી હોન્ડા સીટી કાર જીજે.૦૧.એચએફ. ૫૧૩૩ પલ્ટી ખાઈ જતાં દરવાજા ખુલી જતાં ખીચોખીચ ભરેલ દારૂ બહાર આવી ગયો હતો. જયારે રોડ ઉપરથી આવતાં જતાં દારૂ રસિકોને મજા પડી ગઈ હતી અને જેનાં હાથમાં જે આવે તે લઈને દોડતા થયાં હતાં તો કેટલાક લોકો પાસે આવેલ ખેતરોમાં દારૂની બોટલ તથા ટીન સંતાડી આવી બીજી વાર લાભ લેવાં દોડી આવ્યાં હતાં. જ્યારે કારચાલક ભેરારામ કપુરારામ પ્રજાપતિ, છગનલાલ સોનાજી પ્રજાપતિ, રૂપારામ સબારામ પ્રજાપતિ ત્રણે રહે. શિરોહી રાજસ્થાન કારમાંથી બહાર નિકળી પાસે ખેતર તરફ સંતાઈ ગયાં હતાં. જયારે પ્રાંતિજ પોલીસને ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે દોડી આવી હતી અને અડધી ગાડી દારૂ બચી ગયો હતો અને પોલીસે મુદ્દામાલનો કબજો લઈ પોલીસ સ્ટેશન લઈ ગયાં હતાં અને કારને પણ ક્રેન બોલાઈ સાઈડમાં કરી પોલીસસ્ટેશન લઈ ગયાં હતાં. જ્યારે લોકોએ દારૂ આજુબાજુના ખેતરોમાં સંતાડ્યો હોવાથી તપાસ કરતાં કારચાલક સહિત ત્રણ આરોપી મળી આવ્યાં હતાં. જ્યારે પોલીસે રોકસ્ટાર ડીલકસ વિસ્કીની ૭૫૦ મીલી બોટલો વાળી પેટીઓ નંગ- ૬ બોટલ નંગ- ૭૨ જેની કિંમત- ૨૫૨૦૦ તથા હેવર્ડઝ ૫૦૦૦ માર્કાની બીયર પેટી નંગ-૧૪ ટીનનંગ ૩૩૬ જેની કિંમત-૩૩૬૦૦ તથા રોસ્ટાર ડિલેકસ વિસ્કી ૧૮૦ મીલી છુટી બોટલ નંગ-૩૬ જેની કિંમત-૩૬૦૦ની વગરપાસ પરમીટ રાજસ્થાન તરફ આવતી હતી. પ્રાંતિજ પાસે પલ્ટી ખાતાં પોલિસ ઘટનાસ્થળે જઈ તપાસ દરમ્યાન ચાલક સહિત અન્ય બે આરોપીઓ મલી આવ્યાં હતાં જયારે પોલીસે ૬૨,૪૦૦ ત્રણ મોબાઈલ જેની કિંમત ૮૫૦૦ તથા ગાડીની કિંમત૨૦૦૦૦૦ મળી કુલ ૨,૭૦,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણની અટકાયત કરી ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

## મોડાસામાં વૃદ્ધ પર મેલુ નાખી થેલી લઈ ગઠિયો ફરાર

મોડાસા માર્કેટયાર્ડમાં મંગળવારની બપોરે વૃદ્ધ પર મેલું નાખી અગત્યના દસ્તાવેજો સાથેની થેલી લઈ ગાંઠિયો રફુચક્કર થઈ જવાની ઘટનાથી ચકચાર મચી ગઈ હતી. મોડાસા તાલુકાના દલીલપુર ગામના ૮૬ વર્ષીય વૃદ્ધ પરશોતમદાસ હરગોવિંદદાસ દાણી મંગળવારની સવારે મોડાસા આવ્યા બાદ પરત દલીલપુર જવા માટે મોડાસા માર્કેટયાર્ડમાંથી ભરાતી શટલ રીક્ષામાં બેસવા બપોરે એક વાગ્યાના અરસામાં માર્કેટયાર્ડના મુખ્ય દરવાજા તરફ જઈ રહ્યા હતા ત્યારે તેઓના ઝભ્ભા પર કોઈએ મેલું નાખ્યું હતું, ત્યારે દરવાજા નજીકની દુકાનમાંથી પાણી લઈ ઝભ્ભા પરનું મેલું પોતે સાફ કરી રહ્યા હતા. તેવામાં બાજુમાં મુકેલુ પર્સ સાથેની એક થેલી લઈ અજાણ્યો શખ્સ પલાયન થઈ ગયો હતો. આ થેલીમાં બેન્ક ચેકબૂક, પાનકાર્ડ, આધારકાર્ડ, મકાનના દસ્તાવેજ સહિતના તમામ અસલ કાગળો હતા. ત્યારે આ બનાવ અંગે વૃધ્ધે મોડાસા ટાઉન પોલીસમાં જાણવા જોગ ફરિયાદ આપી હતી.

## જીવણપુરની મહિલા પર ચાર વ્યક્તિઓનો લોખંડની પાઈપ વડે હુમલો

મોડાસા, તા. ૩

મોડાસા તાલુકાના જીવણપુરા (છારાનગર)ની એક મહિલા પર આગળના ઝઘડાની અંગત અદાવત રાખી ૪ વ્યક્તિઓએ એક સંપ થઈ પાઈપ વડે હુમલો કરી ગડદાપાટુનો માર મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા મહિલાની ફરિયાદના આધારે મોડાસા રૂરલ પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જીવણપુર (છારાનગર)માં રહેતી અંબિકાબેન વિજયભાઈ પરમાર (છારા) પર ગામનાજ વિજયભાઈ જીવાભાઈ રજવાડી, રોહિતભાઈ અશોકભાઈ રજવાડી, નીતિનભાઈ ગણપતભાઈ રજવાડી, દીપેશભાઈ શંકરભાઈ રાઠોડ નામના ૪ શખ્સોએ અગાઉના ઝગડાની અંગત અદાવત રાખી વિજયભાઈ જીવાભાઈ રજવાડીએ લોખંડની પાઈપ અંબિકાબેનના બંને હાથે મારતા ફ્રેક્ચર કરી અન્ય ત્રણ શખ્સોએ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી અપાતા ૪ શખ્સોના જીવલેણ હુમલાથી ગભરાયેલી મહિલાએ મોડાસા રૂરલ પોલીસસ્ટેશનમાં ચારેય શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી ૪ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.